# પ્રાંતિજના રાસલોડ ખાતે આવેલ પૌરાણિક હનુમાન મંદિરે કાળી ચૌદસનો ભવ્ય યજ્ઞ યોજાયો

**હજારોની સંખ્યામાં ભકતોએ લીધેલો લાભ : મોડી રાત સુધી સાધકો ભકતોની રહેલી ભીડ**



પ્રાંતિજ તા.૩

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ તાલુકા ના રાસલોડ ખાતે આવેલ પૌરાણિક હનુમાન દાદા ના મંદિરે કાળી ચૌદશનો ભવ્ય યજ્ઞ પરંપરાગત રીતે યોજાયો હતો જેમાં હજારોની સંખ્યામા હનુમાન ભક્તો, ઉપાસકો, સાધકોએ આ યજ્ઞ નો લાભ લીધો હતો.

પ્રાંતિજથી પાંચ કિ.મી દૂર રાસલોડ ગામ પાસે હજારો વરસ પુરાતન હનુમાન દાદાના મંદિરે દર વર્ષ ની જેમ આ વર્ષે પણ કાળી ચૌદસના દિવસે મોડીરાત સુધી ભવ્ય યજ્ઞ યોજાયો હતો જેમાં અમદાવાદ, રાજકોટ, મુંબઈ, સુરત, હિંમતનગર સુધીના શ્રધ્ધાળુ ઉમટી પડી યજ્ઞ અને દર્શનનો લાંભ લીધો હતો અને હનુમાન ચાલીસા કવચના પાઠનુ પઠન કરે છે આ વર્ષે પણ કાળી ચૌદશે મંદિરને ભવ્ય ડેકોરેશન થી શણગારી ભવ્ય યજ્ઞોત્સવ આરતીનું આયોજન ભકતો તથા ટ્રસ્ટી મંડળના પ્રમુખ રઈશભાઈ કસ્બાતી દ્વારા કરવામાં આવ્યું હતું મહાઆરતી મહાપ્રસાદ ના પણ સુંદર આયોજનો કરવામાં આવ્યાં હતાં જયારે આ મંદિર ના મુખ્ય કાર્યકર્તા અને મુસ્લિમ-હિન્દુ અગ્નણી રઈશભાઈ કસ્બાતી છે અને હનુમાન દાદા ના વિવિધ પ્રસંગોની વાર-તહેવારો માં ધામધૂમથી ઉજવણી કરવામાં આવે છે સમગ્ર પંથક તથા દૂર દૂર થી ઉમટી પડેલ ભકતો સાધકોનું સુદર સ્વાગત-સેવાઓ રાસલોડ મંદિર આશ્રમ દ્વારા કરવામાં આવે છે.

# અરવલ્લી મોડાસા જીલ્લા અદાલત ખાતે મહિલા અધિકારોનો મેગા જાગૃતિ કાર્યક્રમ યોજાયો




બાયડ, તા. ૩

ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તા મંડળ,અમદાવાદ ના નેતૃત્વ હેઠળ જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ,અરવલ્લી દ્વારા ઉજવવામાં આવી રહેલ આઝાદી ના અમૃત મહોત્સવના ભાગરૂપે અરવલ્લી મોડાસા જીલ્લા અદાલત ખાતે રાષ્ટ્રીય મહિલા આયોગના સહયોગથી મહિલા અધિકારોના જાગૃતિના ભાગ રૂપે મેગા જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરાયું.


જેમાં ૪૮ મહિલાઓ એ ભાગ લીધો હતો. આ કાર્યક્રમમાં મહિલાઓને મહિલા અધિકરો વિશે જાગૃત કરવામાં આવી હતી.

આ ઉપરાંત આ કાર્યક્રમમાં તેમણે નાલ્સા દ્વારા પ્રકાશીત કરવામાં આવેલ મહિલા અધિકારો વિશેની પુસ્તિકાઓનું વિતરણ કરવામાં આવ્યું હતું.

## જન્મદિને વધામણી




પ્રવિણ ભાઈ એમ.પટેલ
સાયરા તા.મોડાસા



વૈભવીબેન નૈતિકકુમાર પટેલ
મોડાસા (આકુંદ)



પ્રો. ડો.વસંત પટેલ
તલોદ સાયન્સ કોલેજ



સેજલબેન કટારા
કોડિયાવાડા બી. એડ. કોલેજ




પૂરવ ચૌધરી
દુબઈ (વસાદરા)



નેહાબેન વિ. શાહ
સ્વામિનારાયણ સોસાયટી
વિભાગ ૨
બાયડ



અદ્વૈત્યા અજયકુમાર પટેલ
બાયડ



પી.જે.મહેતા,
બાયોલોજી ટીચર, શ્રી હિંમત હાઇસ્કુલ હિંમતનગર.

# આગામી ૧૨-૧૩ નવેમ્બરે વડનગર ખાતે તાના-રીરી મહોત્સવ યોજાશે

મહેસાણા, તા. ૩

મહેસાણા જિલ્લાના વડનગર ખાતે તારીખ ૧૨ અને ૧૩ નવેમ્બરના રોજ સાંજે ૦૬-૦૦ કલાકથી તાના-રીરી મહોત્સવ તાના-રીરી ઉધાન ખાતે યોજાનાર છે.આ મહોત્સવમાં ૧૨ તારીખે શુક્વારે સાંજે ૦૬-૦૦ કલાકે મુખ્યમંત્રીશ્રી ઉપસ્થિતિ રહેનાર છે.૧૨ તારીખે શ્રીમતી કવિતા કૃષ્ણમુર્તિ મુંબઇ દ્વારા શાસ્ત્રીય ગાયન,શ્રી વિરાજ અમર ભટ્ટ અમદાવાદ દ્વારા શાસ્ત્રીય ગાયન તેમજ શ્રી એલ સુબ્રમણ્યમ મુંબઈ દ્વારા વાયોલીનની પ્રસ્તુતી કરવામાં આવનાર છે.

૧૩ તારીખે શનિવારે સાંજે ૦૬-૦૦ કલાકે યોજાનાર તાના-રીરી મહોત્સવમાં શ્રી નીરજ પરીખ અને વૃંદ અમદાવાદ દ્વારા કેશવ ગાન,પંડીત વિશ્વ મોહન ભટ્ટ અને વૃંદ જયપુર દ્વારા ડેઝર્ટ સ્લાઈડ,શ્રી રાકેશ ચૌરસીયા મુંબઈ દ્વારા બાસુરી અને સિતારજુગલબંધીની પ્રસ્તુતિ થનાર છે. અત્રે ઉલ્લેખનીય છેકે તાના-રીરી મહોત્સવમાં દર વર્ષે તાના-રીરી સંગીત સન્માન એવોર્ડ આપવામાં આવે છે. આ વર્ષે પણ તાના-રીરી સંગીત સન્માન એવોર્ડ મુખ્યમંત્રીશ્રીના હસ્તે આપવામાં આવશે. શ્રીમતી કવિતા કિર્ષ્ણમુર્તિ અને શ્રીમતી વિરાજ અમર ભટ્ટ અમદાવાદને આ એવોર્ડ આપવામાં આવનાર છે.આ એવોર્ડમાં પ્રત્યેક એવોર્ડીને રૂ ૨,૫૦,૦૦૦ નો ચેક,શાલ અને તામ્રપત્ર મુખ્યમંત્રીશ્રીના હસ્તે એનાયત કરવામાં આવનાર છે. મહેસાણા જિલ્લામાં દર વર્ષે યોજાનાર આ તહેવારની ઉજવણી ગરીમાપૂર્ણ રીતે થાય તે માટે જિલ્લા કલેકટર ઉદિત અગ્રવાલની અધ્યક્ષતામાં તાના-રીરી સમાધિ સ્થળ ખાતે બેઠક યોજાઈ હતી.જિલ્લા કલેકટરે વિવિધ કમિટીઓના અધિકારીઓ સાથે સંકલન સાધી તમામ તૈયારીઓ માટે વિગત ચર્ચા કરી હતી.બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી ડો.ઓમ પ્રકાશ,જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી નિયામક,નાયબ માહિતી નિયામક પારૂલબેન મણીયાર સહિત સંબધિત અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# પ્રાંતિજ બજારમાં ગ્રાહકોની ભીડ જોવા મળી

**બપોર બાદ ગ્રાહકોથી બજાર ઉભરાયું : મંદીના માહોલમાં ગ્રાહકો દેખાતા વેપારીઓના ચહેરાં ઉપર સ્મિત જોવાં મળી : મીઠાઇ, રેડીમેડ, જ્વેલર્સ, કટલરી, ફટાકડાની દુકાનોમાં ગ્રાહકોની ભીડ જોવાં મળી**



પ્રાંતિજ તા.૩

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાલીખમ બજારોમાં આજે બપોર બાદ ધરાકી ખુલ્તા બજારોમાં ગ્રાહકો ની ભીડ જોવાં મળી હતી તો વેપારીઓમાં ગ્રાહકોને જોતાં જીવમાં જીવ આવ્યો હતો અને બજારમાં ધરાકી ખુલ્તાં જયાં જુવો ત્યાં દુકાનોમાં ગ્રાહકોની ભીડ જોવાં મળી હતી.દિવાળીના તહેવારને આડે માત્ર થોડાક જ કલાકો બાકી છે ત્યારે બજારમાં ગ્રાહકો નો ધસારો જોવા મલ્યો હતો અને ફરસાણ ની દુકાનોથી માંડીને રેડીમેડ કપડાંઓ શોરૂમમાં, જવેલર્સની દુકાનો, કટલરી ની દુકાનો સહિત ફટાકડાં ની દુકાનોમાં ધરાકી જોવાં મળી હતી અને આખાં બજારમાં જયાં જુવો ત્યાં ગ્રાહકોની ભીડ જોવાં મળી હતી તો અચાનક મંદી નું ગ્રહણ દુર થતાં ગ્રાહકોને જોઈને વેપારીઓમાં ખુશી જોવાં જોવાં મળી હતી તો પ્રાંતિજ બજાર પણ ગ્રાહકોથી કિડીયારા ની જેમ ઉભરાયું હતું અને લોકો દિવાળી ની ખરીદી કરતાં નજરે પડ્યા હતાં તો બીજીબાજુ વેપારીઓ છેલ્લાં કેટલાંય દિવસ થી ગ્રાહકોની રાહ જોઈને બેસી રહ્યાં હતાં અને અચાનક ગ્રાહકો ઉમટી પડતા વેપારીઓમાં જીવમાં જીવ આવ્યો હતો અને તેમના ચહેરાંઓ ઉપર સ્મિત ની સાથે ખુશી જોવાં મલ્યુ હતું તો બજારમાં વિવિધ જગ્યાએ ગ્રાહકો પણ ખરીદી કરતાં જોવાં મલ્યાં હતાં.

# ઉત્તર ગુજરાતમાં ૧૦.૭૪ લાખ હેક્ટર શિયાળુ વાવેતરની સંભાવના

**ખેતરોમાં વાવેતરની તૈયારીઓ પૂરજોશમાં**

(બાયડ બ્યુરો ઓફિસ) તા.૦૩

ઉત્તર ગુજરાતના ૫ જિનાના ખેડૂતો દરેક સીઝનની ખેતીમાં વિવિધ પાકોનું વાવેતર કરતા હોય છે. આ વખતે કુલ-૧૦.૭૪ લાખ હેક્ટર જમીનમાં શિયાળુ વાવેતર થવાની સંભાવના ખેતી સૂત્રોએ વ્યક્ત કરી છે. વાતાવરણ અનુકુળ જણાતાં અનેક વિસ્તારોમાં ખેડૂતોએ રવીસઝન માટે ખેતરો સજજ કરીવાવેતરની તૈયારીખો આરંભી છે. ખેતીમાં ખેડૂતો માધુનિક બદલાવ લાવી રહ્ના છે પરંતુ મુખ્ય સીઝનમાં હવામાનની વિપરીત પરીસ્થિતિ ના કારણે ખેડૂતોને પાછલા કેટલાક વર્ષોથી પાકમાં ફેરબદલાવની ફરજ પડી છે. શિયાળ, પોમાસુ, ઉનાળુ સીઝન ની ખેતી દરમ્યાન ખેડૂતો તનતોડ મહેનત કરી ધાન્ય ઉત્પાદન મેળવી રહ્યા છે. ખરીફ સીઝન પૂર્ણ થયા પછી હવે ઉત્તર ગુજરાતના સાબરકાંઠા, અરવલ્લી, મહેસાણા, બનાસકંઠા અને પાટણ જિલ્લામાં ખેડૂતોએ શિયાળુ ખેતી માટે ખેતરોમાં કામગીરી શરુ કરી દીધી છે. જિલ્લામાં આ વખતે મનુન ઠંડીનો માહોલ રશો તો ૧૦.૭૪ લા ખ હેકટર શિયાળુ વાવેતર થવાનો અંદાજ લગાવવામાં આવ્યો છે. ગત વર્ષે સાબરકાંઠા જિલ્લામાં ૧.૪૧ લાખ હેક્ટર સામે ૧.૨૭ લાખ હેક્ટર અરવલ્લીમાં ૧.૩૧ લાખ હેક્ટર સામે આ વખતે ૧.૧૭ લાખ હેક્ટર મહેસાણા માં ૧.૮૮ લાખ હેક્ટર વાવેતર સામે ૧.૭૧ લાખ અને બનાસકંઢમાં ગત સાલના ૪.૭ લાખ હેક્ટર સામે માં વખતે રવીસીઝનમાં ૪.૮૨ લાખ હેકટર વાવેતર થવાની ધારણા તજજ્ઞોએ વ્યક્ત કરી છે. ચોમાસુ ખેતીસે પન્ન થયા પછી મોય જળાશયો તેમજ નદી તળાવોમાં પાણીનો સંગ્રહ થવાથી પાણીનું ચિત્ર સુધર્યા પછી સિંચાઈ તેનો મહત્તામ કાયદી શિયાળુ ખેતીને થઈ શકે છે. જો કે મા વર્ષે કેટલાક વિસ્તારોમાં વાવેતરની સાથે વાવણીમાં પાક બદલાવની શક્યતા પણ વ્યક્ત કરવામાં આવી છે.

# અરવલ્લીમાં વહીવટી તંત્રની દૂરદર્શિતાના અભાવે ડી.એમ.એફ. યોજનામાં ૫ કરોડના વિકાસના કામ ખોરંભે

**તત્કાલિન કલેક્ટરની નિષ્ક્રીયતાનાં માઠા પરિણામ...!!**

(બાયડ બ્યુરો ઓફિસ) તા.૦૩

અરવલ્લી જિલ્લામાં ખનિજ અસરગ્રસ્ત ગામોના વિકાસ માટે ડી.એમ.એક યોજના હેઠળ ગ્રાન્ટ ફાળવવામાં આવે છે પરંતુ જાણવા મળ્યા મુજબ જિલ્લામાં આયોજનમાં વિલંબના કારણે ૪ ૫ કરોડથી વધુના વિકાસ કામો ખોરંભે પડયા છે. તાલિન કલેકટરની નિષ્ક્રીયતાનાં માઘ્યું પરિણામ હોવાનું જાણવા મળ્યું છે.

પ્રાપ્ત કરી અનુસાર સરકાર દ્વારા પ્રજાની સુખાકારી અને લોક લ્યાણ માટે અનેક યોજનાઓ અમલમાં મૂકવામાં આવી છે. વડાપ્રધાન દ્વારા દરેક રાજયમાં ખનિજ અસરગ્રસ્ત ગામો હોય તે ગામોના વિકાસ માટે ડીસ્ટ્રીક્ટ મીનરલ ફંડ યોજના હેઠળ વિકાસના કામો કરવા માટેની યોજના અમલી બનાવી હતી. પરંતુ અરવલ્લી જિલ્લામાં અગાઉના વર્ષોમાં અસરગ્રસ્ત ન હોય તેવા ગામોને લાભ આપી દેવામાં આવ્યો હતો અને તેમાં મોટાપાયે ભાગ બટાઈના આક્ષેપ પણ જગજાહેર છે. પાછલા ૪-૫ વર્ષથી ખનિજ અસરગ્રસ્ત ગામોના સરપંચ, સભ્યો અને કે વિનોનીજગતતાના કરો મહામવિકાસ માટેની ગ્રાન્ટ ફાળવવામાં આવે છે પરંતુ જાણવા મળ્યા મુજબ અરવલ્લી જિલ્લામાં ૨૫ કરોડની ડી.એમ.એફ. ગ્રાન્ટ હોવા છતાં ઓક્ટોબર-૨૦૨૧ ના અંત સુધી પણ કોઈ આયોજન થયાં નથી, અગાઉ જિલ્લા પ્રભારી મંત્રી ડી.એમ.એફ. ગવર્નિંગ કાઉન્સિલના અધ્યક્ષ હતા જેથી ગ્રાન્ટ અને પ્રજાના પ્રશ્નોને ધ્યાને લઈ સમયસર પ્રારફ ંળવણીના આયોજન થતા હતા પરંતુ સરકાર દ્વારા પ્રભારી મંત્રીના સ્થાને જિલ્લા કલેકટરને ડી.એમ.એલ. કમીટીના અધ્યક્ષ તરીકે નિયુકત કરાયા પછી સમગ્ર આયોજનો ખોરંભે પડવા જેવી સ્થતિ છે. તત્કાલિન કલેકટર દ્વારા જે તે સમયે યોગ્ય આયોજન થયા નથી જેના કારણો ખનિજ અસરગ્રસ્ત ગામોમાંથી આવેલી વિકાસ કામો અને માળખાગત સુવિધા માટેની જરુરીયાત બાબતે ગ્રાન્ટ ફાળવણી થઈ ન હોવાનું જાણવા મળ્યું છે.

**જિલ્લા આયોજન અધિકારીએ કંઈપણ કહેવાનું ટાળ્યું**

અરવલ્લી જિલ્લા આયોજન અધિકારી સુરેન્દ્રસિંહ રાઠોડનો સંપર્ક કરતાં તેઓએ જણાવ્યું કે ડી.એમ.એફ. યોજનાના ૫ કરોડના વિકાસ ક્મોનું આયોજન બાકી છે પરંતુ અન્ય કંઈપ પણ ક્લેવાનું ટાળી દીધું છે.


**પંચાયત સભ્યોની માંગ-પ્રભારી મંત્રીને કમીટી અધ્યક્ષ બનાવો**

અરવલ્લી જિલ્લા પંચાયતના ભાજપના મોટાભાગના સભ્યોએ માંગ કરી છે કે ડી એમ એફ. કમીટીના અધ્યક્ષ તરીકે ક્લેક્ટરના બદલે જિલ્લાના પ્રભારી મંત્રીને બનાવવા જોઈએ જેથી સમયસર વિકાસના કામોનું આયોજન થઈ શકે.

# આજે દિવાળી નિમિત્તે ઘરે ઘરે દીવડા - કોડિયા ઝગમગશે...

ડીસા, તા. ૩

અંધકાર ઉપર ઉજાસના પર્વ દિવાળીને આડે હવે માત્ર એક દિવસ બાકી રહ્યો છે ત્યારે નગરજનો દ્વારા મકાનોની સફાઈ, રંગરોગાન, સુશોભન, સજાવટ, વસ્ત્રો-



આભૂષણો, રાચ રચીલાની ખરીદી સહિતના આયામોને લઈને જિલ્લાના ગ્રામીણ અને શહેરી વિસ્તારોમાં ઉત્સવભર્યો માહોલ છવાયો છે. ત્યારે દિવાળી પર્વમાં દીપમાળ, ધાર્મિક વિધિઓની મહત્તાને લઈ માટીકામ વ્યવસાય સાથે સંકળાયેલા શ્રમજીવીઓ દ્વારા અત્યાધુનિક યુગમાં આજે પણ ગ્રામીણ -શહેરી વિસ્તારોમાં ઘરે ઘરે ફરી માટીના કોડીયા -દીવડા મૂકવાની પરંપરા ભારતીય સંસ્કૃતિની પર્યાય બની રહી છે.

ભારતીય સંસ્કૃતિમાં મહાપર્વની ઓળખ પામેલા ઉજાસના પર્વ દિવાળીના તહેવાર ટાણે ઘર કે રહેણાંક મકાનમાં દીપ પ્રગટાવવાનું મહાત્મ્ય આધુનિક યુગમાં આજે પણ યથાવત્ રહ્યું છે જોકે દીપમાળનું સ્થાન રંગબેરંગી સિરિઝો અને રોશનીની ઝાકમઝોળે લઈ લીધું છે તેમ છતાં વર્ષોની પરંપરા પ્રમાણે રહેઠાણ પાસે દીવડા પ્રગટાવીને દીપમાળ રચવાની કે પર્વ દરમિયાન કે શરૂ થનાર નવા વર્ષના અંત સુધી પ્રત્યેક પરિવારોમાં પૂજન અર્ચન, ધાર્મિક વિધિમાં કોડિયા -દીવડાની મહત્તાને ધ્યાને લઈ પંથકના ગ્રામીણ અને શહેરી વિસ્તારોમાં માટીકામ વ્યવસાય સાથે સંકળાયેલા કેટલાક પરિવારો દ્વારા ઘરે ઘરે કોડીયા -દીવડા મૂકવાની પરંપરા આજે પણ યથાવત રહી છે .જેઓ ઘરે ઘરે ફરીને આંગણામાં શુકન રૂપે દીવડા મૂકે છે જે દીવડાઓ સ્વીકારી શ્રદ્ધાળુઓ તેમને બક્ષિસ કે મહેનતાણા રૂપે રોકડ રકમ આપે છે ત્યારે વર્તમાન અત્યાધુનિક યુગમાં પણ ભૌતિક સુખની રેલમછેલ અને વિદ્યુત ઉપકરણોની ઝાકમઝોળ વચ્ચે માટીના કોડીયાઓમાં સજાવાતી દીપમાળ ભારતીય સંસ્કૃતિની મહત્તાનું પ્રતીક બની રહી છે.



# મહેસાણા જિલ્લા રમત-ગમત વિભાગ દ્વારા ચિત્ર સ્પર્ધાનું આયોજન

મહેસાણા, તા. ૩

ગુજરાતના યુવાધનને યોગ તથા શારીરિક સશક્ત બનાવવાના હેતુથી વર્તમાન મોબાઈલ ટેકનોલોજીના વપરાશ સાથેના અભિગમથી ‘મોબાઈલ ટૂ સ્પોર્ટ્સલ્લના અભિયાનની નવતર પહેલ કરી છે. હાલમાં કોરોના (કોવિડ-૧૯)ની મહામારીના વિષમ સંજોગોમાં ફેસબૂક,વ્હોટ્સ એપ, ઈન્સ્ટાગ્રામ તથા વીડીયો ગેઈમ્સ જેવી પ્રવૃતિઓમાં તરફ આકર્ષિત કરવા એ સમયની તાતી જરૂરિયાત છે. યુવાધનનો શારીરિક અને માનસિક વિકાસ ઉત્તમ રીતે થાય તે હેતુથી સરકારશ્રીએ વર્ષ-૨૦૨૦-૨૧ દરમિયાન ‘મોબાઈલ ટૂ સ્પોર્ટ્સ’ની નવી યોજના મંજૂર કરેલ છે.

આ યોજનાને ‘મોબાઈલ ટૂ સ્પોર્ટ્સ’ ફેસબુક પેજ, યુ ટ્યુબ ચેનલ, રેડિયો ક્વીઝ, ચિત્ર સ્પર્ધા, ટેલીવિઝન તેમજ સોશિયલ મીડિયા સંબંધિત માધ્યમો દ્વારા ખ્યાતનામ ખેલાડીઓની વિગતો, ઓડિયો અને વિડીયો કલીપ રજૂ કરી યુવાનોને રમતગમતની પ્રવૃત્તિઓ માટે પ્રેરણાસહ આકર્ષિત કરવમાં આવશે. રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ હસ્તકની ગુજરાત રાજ્ય લલિતકલા અકાદમીની કચેરી તથા જિલ્લા યુવા વિકાસ અધિકારીશ્રીની કચેરી દ્વારા સંયુક્ત રીતે એક ચિત્ર સ્પર્ધાનું આયોજન કરેલ છે. જેમાં જિલ્લા કક્ષાની ચિત્ર સ્પર્ધા તારીખ ૦૧ નવેમ્બર ૨૦૨૧ થી ૨૨ નવેમ્બર ૨૦૨૧ સુધી અને રાજ્ય કક્ષાની ચિત્ર સ્પર્ધા તારીખ ૦૨ ડિસેમ્બર ૨૦૨૧ ના રોજ યોજાશે.

આ સ્પર્ધામાં ૮ થી ૧૩ (જન્મ તા. ૩૧ ડિસેમ્બર ૨૦૨૧ સને ગણવાની રહેશે) વર્ષીયના બાળકો ભાગ લઈ શકશે. સ્પર્ધ કે ૭૪ સાઈઝના ડ્રોઈંગ પેપર પર ‘દિવાળીલ્લ વિષય પર પોતાની કૃતિ તૈયાર કરી તારીખ. ૨૨ નવેમ્બર ૨૦૨૧ બપોરે ૧૨.૦૦ કલાક સુધીમાં જિલ્લા યુવા વિકાસ અધિકારીશ્રીને જિલ્લા રમત ગમત અધિકારીશ્રીની કચેરી, બ્લોક નં.૧, ત્રીજો માળ, બહુમાળી ભવન, રાજ મહેલ રોડ, મહેસાણાને મોકલવાની રહેશે.

રાજયકક્ષાની ચિત્ર સ્પર્ધામાંથી ૧૦ વિજેતા કલાકારોની પસંદગી થશે. તેવો પૈકી પ્રથમ વિજેતાને રૂ. ૨૫,૦૦૦/-, દ્વિતીય વિજેતાને રૂ. ૧૫,૦૦૦/ - તથા તૃતીય વિજેતાને રૂ. ૧૦,૦૦૦/ - એમ ત્રણ ઈનામો અને બાકીના અન્ય ૭ (સાત) વિજેતાને (પ્રત્યેકને) રૂ.૫૦૦૦/ - મુજબ આશ્વાસન ઈનામો આપવામાં આવશે. તમામ વિજેતાઓને ચિત્રકામ કીટ (ડ્રોઈંગ કીટ) આપવામાં આવશે.